


# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૮ | ઓગસ્ટ - ૨૦૨૦ | પત્ર - ૮૮


### એપ્રિલ થી જુલાઈ સળંગ

## સહાય ગી.શા. ૧૨૧:૧-૨

ગીતશાસ્ત્ર ૧૨૧નું ગીત એ ચઢવાનું ગીત છે. ઈસ્રાએલી પ્રજાને દેવે વર્ષમાં અમુક પર્વો પાળવા માટે યહોવાની હજૂરમાં અર્પણો લઈ હાજર થવા માટે જણાવ્યું હતું. (નિર્ગમન ૨૩:૧૪-૧૭, પુનર્નિયમ ૧૬:૧૬). તે પ્રમાણે ઈસ્રાએલી પ્રજા જુદા જુદા વિસ્તારમાંથી યરૂશાલેમમાં જાય છે ત્યારે તેઓ પર્વતીય વિસ્તારમાંથી પસાર થાય છે. આ માર્ગ ચઢવાનો માર્ગ હતો.

આ પર્વતોના પહાડી માર્ગોમાં પસાર થતાં ઈસ્રાએલી પ્રજા દેવ પ્રત્યેના પોતાના વિશ્વાસની કબૂલાત જાહેર કરતાં જણાવે છે કે જે યહોવાએ આકાશ અને પૃથ્વી ઉત્પન્ન કર્યા છે તેના તરફથી આ માર્ગમાં અમને સહાય મળશે. ઘણીવખત આપણે સહાય માટે આકાશ તરફ આંખો ઊંચી કરીએ છીએ અને મનમાં પ્રાર્થના કરીએ છીએ કે પ્રભુ સહાય કરે. આ જ રીતે ઈસ્રાએલી પ્રજા પણ સહાય માટે પર્વત તરફ જુએ છે અને વિશ્વાસ કરે છે કે પર્વતોને ઉત્પન્ન કરનાર દેવ તરફથી સહાય મળશે.

આ ગીત આજના સમયમાં આપણને ઉત્તેજન આપે છે. આપણા જીવનની મુસાફરીમાં ઘણા ચઢાવ-ઉતાર આવે છે. ત્યારે આપણે પણ સહાય માટે આકાશ તરફ નજર કરીએ છીએ અને વિશ્વાસ કરીએ છીએ કે દેવ આપણને સહાય કરશે.

૨ કાળવૃત્તાંત ૧૬:૮માં વચનમાં હનાની પ્રબોધક આસા રાજાને જણાવે છે કે તારી સામે લડનાર સૈન્ય બળવાન હતા પણ યહોવા પર ભરોસો રાખ્યો અને સહાય માગી તેથી તે વિજયી બને છે. આપણા જીવનમાં ગમે તેવી વિકટ પરિસ્થિતિઓ હોય પણ દેવ પર ભરોસો રાખી અને તેમની સહાય માગવી.

ગી.શા. ૧૮:૬ પ્રમાણે દરેક સમયે દેવને વિનંતી કરવી. તે પોતાના પવિત્ર સ્થાનમાંથી આપણને સહાય કરનાર છે.

પ્રવર્તમાન સમયની અંદર આપણે જે ભયંકર મરકીની મહામારીમાંથી પસાર થઈ રહ્યા છીએ ત્યારે સતત સહાય માટે પ્રાર્થના કરતા રહીએ. આ ઉપરાંત જીવનમાં આવતી સર્વ વિકટ સમસ્યાઓમાં પ્રભુ ઉપર ભરોસો રાખીએ અને સહાય માગીએ.

હિબ્રૂ ૧૩:૬ પ્રમાણે આપણે ખાત્રીપૂર્વક વિશ્વાસથી કહી શકીએ છીએ કે 'પ્રભુ મને સહાય કરનાર છે.'

પ્રભુ આપણ સર્વને આ સમયમાં તેમની સહાય આપો.

## એપ્રિલ થી જુલાઈ દરમ્યાન થયેલ કાર્ય

- કોરોના મહામારીના કારણે થયેલ લૉકડાઉન દરમ્યાન રવિવારની ભજનસેવા અને શુક્રવારની સાંજની પ્રાર્થના સંગત સમય પ્રમાણે ઑનલાઈન વ્યવસ્થામાં ચલાવવામાં આવી છે.
- તા. ૫-૪-૨૦ પામ સન્ડેની ભજનસેવા ઑનલાઈન ચલાવવામાં આવી હતી. તા. ૧૦-૪-૨૦ ગુડફ્રાઈડે અને તા. ૧૨-૪-૨૦ ઈસ્ટરની ભજનસેવા ઓનલાઈન ચલાવી હતી.
- તા. ૫-૪-૨૦ સાંજના ૩-૦૦ કલાકે સ્વ. દેવીદાસ બી. ક્રિશ્ચિયનની દફનવિધિ કરવામાં આવી હતી. પ્રભુ દુ:ખી પરિવારને દિલાસો આપો.
- તા. ૨૩-૫-૨૦ બપોરે સ્વ. આનંદભાઈ એ. ક્રિશ્ચિયનની દફનવિધિ કરવામાં આવી હતી. પ્રભુ દુ:ખી પરિવારને દિલાસો આપો.
- તા. ૧૯-૬-૨૦ સ્વ. અનિલભાઈ એ. ક્રિશ્ચિયનની દફનવિધિ રાત્રે કરવામાં આવી હતી. પ્રભુ દુ:ખી પરિવારને દિલાસો આપો.
- તા. ૨૧-૬-૨૦ રવિવારની ભજનસેવામાં 'ફાધર્સ ડે' નિમિત્તે વચનની સેવા આપી.
- તા. ૧૧-૭-૨૦ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના પાળકોની ઓનલાઈન પ્રાર્થના સંગતમાં જોડાયા.
- તા. ૨૪-૭-૨૦ જી.આર.સી. યુ ટ્યુબ ચેનલ દ્વારા તા. ૨૬-૭-૨૦ના પેરેન્ટ્સ ડે રવિવારની ભજનસેવાના પ્રસારણ માટે ડિ.સુ. રેવ. વિજય જે. મેકવાન સાહેબ સાથે નડિયાદમાં હાજરી આપી. જ્યાં ડિ.સુ. રેવ. વિજય જે. મેકવાન સાહેબે સંદેશાની સેવા અને રેવ. અરવિંદ ખ્રિસ્તીએ સંચાલનની સેવા આપી.

## એપ્રિલ-૨૦ થી જુલાઈ-૨૦ દરમ્યાન પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | |
|---|---|---|
| ૧. શ્રીમતી નિયંતા કેનેથ ક્રિશ્ચિયન યુ.એસ.એ. | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૨. શ્રી જોશુઆ સ્માર્ટ | આ.સ્તુ. | ૧૦૦-૦૦ |
| ૩. શ્રી આલાપભાઈ જે. માસ્ટર કીયા ફોર વ્હીલર ખરીદ્યું. અભિનંદન | આ.સ્તુ. | ૧૦૦૦-૦૦ |
| ૪. રેવ. અરવિંદ આર. ખ્રિસ્તી | બર્થડે | ૨૫૦-૦૦ |
| ૫. શ્રીમતી રોઝમેરી એ. ખ્રિસ્તી | લગ્નદિવસ | ૨૫૦-૦૦ |
| ૬. શ્રીમતી કલ્પનાબહેન વી. ક્રિસ્ટી | આ.સ્તુતિ. | ૫૦૦૦-૦૦ |
| ૭. મા. યશ સુનિલભાઈ ક્રિશ્ચિયન | વર્ષગાંઠ | ૧૦૦-૦૦ |
| ૮. શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | વર્ષગાંઠ | ૧૦૦૦-૦૦ |
| ૯. ચિ. શૉન એસ. ક્રિશ્ચિયન | વર્ષગાંઠ | ૧૦૦૦-૦૦ |
| ૧૦. શ્રીમતી મહિમા એ. પેટ્રીક | વર્ષગાંઠ | ૨૦૦-૦૦ |
| ૧૧. શ્રીમતી શશીબેન એસ. પરમાર | આ.સ્તુ. | ૫૦૦-૦૦ |
| ૧૨. શ્રીમતી શશીબેન એસ. પરમાર તરફથી શ્રી રાજેશ એસ. ક્રિશ્ચિયનના દિકરા શૉનના ઘરે દિકરીનું દાન મળ્યું. અભિનંદન | આ.સ્તુ. | ૨૦૦૦-૦૦ |
| ૧૩. કુ. રીયોના પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૧૪. કુ. રીનીશા પી. ક્રિશ્ચિયન ધો.૧૨માં ૮૪% સાથે ઉત્તિર્ણ થતાં અભિનંદન | આ.સ્તુ. | ૧૦૦૦-૦૦ |
| ૧૫. શ્રીમતી સારાહબેન એફ. ટેલર | બર્થડે | ૨૦૦-૦૦ |
| ૧૬. કુ. સેલીના એફ. ગોહેલ | બર્થડે | ૧૦૦-૦૦ |
| ૧૭. કુ. ક્રિસ્ટીના એફ. ગોહેલ | બર્થડે | ૧૦૦-૦૦ |
| ૧૮. શ્રીમતી વેલેન્ટીનાબેન એફ. ગોહેલ | બર્થડે | ૧૦૦-૦૦ |
| ૧૯. શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહેલ | બર્થડે | ૨૦૦-૦૦ |
| ૨૦. સ્વ. આનંદ આલ્ફ્રેડભાઈ ક્રિશ્ચિયનના સ્મરણાર્થે | આ.સ્તુ. | ૨૦૦-૦૦ |
| ૨૧. શ્રી ઓનિલભાઈ એ. પેટ્રીક | આ.સ્તુ. | ૧૦૦૦-૦૦ |
| ૨૨. શ્રીમતી મોનિકાબેન ઓ. પેટ્રીક | આ.સ્તુ. | ૧૦૦૦-૦૦ |
| ૨૩. શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | બર્થડે | ૧૦૦૦-૦૦ |
| ૨૪. શ્રીમતી ટ્વીંકલ ક્રિસ્ટી | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૨૫. શ્રીમતી સિલ્વીયાબેન એન. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૨૬. શ્રી શેરીલ આર. ક્રિશ્ચિયન | આ.સ્તુતિ | ૫૦૦-૦૦ |
| ૨૭. શ્રી શેરીલ આર. ક્રિશ્ચિયન | મિશનેરી | ૧૦૦૦-૦૦ |
| ૨૭. મા. ફેનીલ એ. મહિડા | બર્થડે | ૨૫૦-૦૦ |
| ૨૮. શ્રી અતુલભાઈ પી. મહિડા | આ.સ્તુ. | ૨૫૦-૦૦ |



### પ્રાર્થના વર્ષ

'પ્રાર્થનામાં ખંતથી મંડ્યા રહો
અને તેમાં આભારસ્તુતિ કરીને
જાગૃત રહો.'
કલોસ્સીઓને પત્ર ૪:૨

## ઈસ્ટર તહેવાર પર કીટ વિતરણ અને ચર્ચ સફાઈ તથા અન્ય કાર્ય

દર વર્ષે ઈસ્ટરના સમયે ચર્ચમાં કીટ વિતરણ કરવામાં આવે છે. તે પ્રમાણે આ વર્ષે પણ વિતરણ કર્યું હતું. આ વખતે કોરોના મહામારીના કારણે લૉકડાઉન અને કરફ્યુ જેવો સમય હતો. જેમાં કીટ માટે સામાન લાવવો, કીટ બનાવવી તથા દૂરના સ્થળોએ કીટ પહોંચાડવાનું કાર્ય કર્યું હતું. આવા વાતાવરણમાં મરણ પ્રસંગે દફનવિધિ અને કૉફીનબોક્સની પણ વ્યવસ્થાનું કાર્ય થયું હતું. આ ઉપરાંત આ વાતવરણમાં ચર્ચ ૫ગી રજા ઉપર જતાં પાછા ના આવવાથી લાંબા સમય ચર્ચની સફાઈ થઈ ન હતી તે સફાઈનું કાયપણ થઈ શક્યું હતું.

આમ, ઉપરોક્ત જે કાર્યો થયા તેમાં સમાજસેવા સમિતિ પ્રમુખ- સભ્યો, તેમજ જે તે કમિટિ સભ્યો અને ચર્ચ સભ્યો હાજર રહી કાર્યો કર્યા તે સર્વનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

## ૨૪ કલાકની પ્રાર્થના સંગત

તા. ૨૪-૪-૨૦ના રોજ સવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૭-૦૦ વાગ્યા સુધી ૧૨ કલાકની પ્રાર્થના સંગતનું આયોજન કર્યું. જેમાં ૨૪ વિશ્વાસુઓએ અડધો-અડધો કલાક ફાળવેલ સમય પ્રમાણે પ્રાર્થનામાં સમય ગાળ્યો જેમાં વર્તમાન સમયની પરિસ્થિતિ માટે ખાસ પ્રાર્થના કરવામાં આવી.

પ્રભુમાં વ્હાલા વિશ્વાસુઓ આપે આ પ્રાર્થના સંગતમાં સહકાર આપ્યો સર્વનો આભાર. આ સંગત ખૂબ જ આશીર્વાદિત રહી હતી.

## ખાસ આભાર

ઓનલાઈન ભજનસેવા - શુક્રવારની મિટીંગ તથા ઓનલાઈન દાનોની વ્યવસ્થામાં સહકાર માટે સર્વ વ્હાલા સભ્યોનો પુષ્કળ આભાર. પ્રભુ આપ સર્વને પુષ્કળ આશિષ આપો.

કોરોના મહામારીના સમયમાં કઠિન - મુશ્કેલ સમયમાં સર્વ વ્હાલા સભ્યગણ, પાસ્ટોરેટ કમિટિના સભ્યો તથા કારભારીઓ આપ સર્વ ખૂબ જ ધીરજ-વિશ્વાસથી પ્રાર્થનામાં રહ્યા છો તથા ઓનલાઈન ચર્ચ-સંગત અને ઓનલાઈન વ્યવસ્થામાં આપના દાનો પણ ચર્ચ એકાઉન્ટમાં આપ્યા છે તે બદલ સર્વનો પુષ્કળ આભાર.

આ જ રીતે આપ સર્વ સંગત અને સેવાકાર્ય તથા પ્રાર્થનામાં જોડાયેલા રહેશો. પ્રભુ આપ સર્વને સુરક્ષિત રાખો અને પુષ્કળ આશિષ આપો.

## અભિનંદન

ધો. ૧૦ અને ૧૨માં ઉત્તિર્ણ થયેલ સર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ખૂબ ખૂબ અભિનંદન. પ્રભુ તમારા આગળના અભ્યાસને આશીર્વાદિત કરો.

**આ બુલેટીનનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી દાતા બહેન તરફથી મળેલ છે. આભાર.**